સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

કાઢયાં પાટિયાં, કોઈ પગથી જમીન સરકે છે,
કોઈ હરફે લાગ્યાં તાળાં, કોઈ ખંધૂં મરકે છે.
ગરકે કોઈ ખટપટના કાવાદાવા કીચડે -
ખર્યા કાંગરા છતાં 'વિજય' પતાકા ફરકે છે...

હાઈકુ

આશા મહેલો -
ધરતીકંપ પછી -
થ્યા કાટમાળ!
(ટિકીટ વાંચ્છુઓ)

બતાવે ખૂશી,
બિચારા કાર્યકરો -
શોક્ય લગ્નમાં...
(પરાણે પ્રચાર)

ચિંતન

શ્રીમન્તં જ્ઞાતિમાસાદ્ય યા જ્ઞાતિરવસીદતિ ।
દિગ્ધહસ્તં મૃગ ઈવ સ એનસ્તસ્ય વિન્દતિ ॥

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવાયેલ છે.

ધનવાન બાંધવ મેળવીને પણ જે બીજો બાંધવ દુઃખ ભોગવે, ત્યારે ધનવાન બાંધવ (નિર્ધન બાંધવના) દુઃખી રૂપી પાપનો ભાગીદાર બને છે. જેમ હરણ ઝેરી બાણ હાથમાં ધારણ કરનાર (દિગ્ધહસ્ત) શિકારીની પાસે પહોંચીને પ્રાણઘાતક કષ્ટ પામે છે અને શિકારીને તેને મારવાનું પાપ લાગે છે.

ધનવાન ભાઈએ પોતાના બીજા નિર્ધન ભાઈનો પણ ખ્યાલ રાખવો જોઈએ. જેથી નિર્ધનભાઈનું દુઃખ દૂર થાય. ધનવાનભાઈ હોવા છતાં કોઈ નિર્ધનભાઈને દુઃખ ભોગવવું પડે, તો તેનું પાપ ધનવાન ભાઈને લાગે છે.

આજના જમાનામાં બાંધછોડ, ત્યાગભાવના, સમર્પણ હવે માત્ર પોથીમાં જ શોભાયમાન છે. કોઈ કોઈનું રહ્યું નથી. દુઃખી પીડિતોને મદદ કરવી તો બાજુએ રહી બાંધવોને પણ મદદ કરતા નથી...

સુવિચાર

- 'સમજીને છેતરાવા' જેવી પ્રગતિ આ જગતમાં કોઈ પણ નથી. આ સિદ્ધાંત બહુ ઊંચો છે - **આપ્તસૂત્ર**
- આપણને ખુશ થવા કરતાં આપણે ખુશ છીએ એવું ઠસાવવામાં વધારે રસ છે - **સાધુ વાસવાણી**
- તમે જેટલું ઓછું બોલશો લોકો તમને એટલા વધુ ધ્યાનથી સાંભળશે - **એસ. ભટ્ટાચાર્ય**
- ફરજમાં મશગુલ રહેનાર વ્યક્તિને કદી એવું જાણવાની પડી નથી હોતી કે પોતાની હેસિયત શું છે? - **શિવખેરા**
- અહંકાર એ એવો એનેસ્થેસિયા છે, જે મૂર્ખતાના દર્દનો અહેસાસ થવા દેતો નથી - **ગુણવંત શાહ**
- બનેલી ઘટનાનો સ્વીકાર કરવો એ જ તેના દુષ્પરિણામમાંથી બચવાનું પહેલું પગલું છે - **ફાધર વાલેસ**
- આજનું ઔષધ : તાંદળજાની ભાજીના રસમાં સાકર તથા ચપટીક હીંગ મેળવી પીવાથી ખસની ખંજવાળમાં રાહત થાય છે

(સંકલન : દિપક બી. આશરા)

બોધકથા

સંત જ્ઞાનેશ્વર પંદર વર્ષના હતા અને પોતાના ગુરુ સાથે કુંભમેળામાં હરિદ્વાર ગયા હતા. ગુરુએ કહ્યું, 'જરા ગંગા કિનારે જોઈ આવ વધારે માણસો ન હોય તો હું સ્નાન કરવા જાઉં.'

જ્ઞાનેશ્વર ગંગાજીને કાંઠે આવ્યા. ત્રણેક કલાક ઊભા ઊભા નિરીક્ષણ કર્યા કરું, કાંઠા ઉપર એક મોટો દસેક કિલો વજનનો પથ્થર પડેલો હતો, હજારો માણસોને આ પથ્થરની ઠોકર લાગતી પણ કોઈ તેને ઉઠાવીને બાજુમાં મુકતા ન હતાં. એવામાં એક માણસ આવે છે અને એને પથ્થરની ઠોકર વાગી અને એણે આ પથ્થર ઉઠાવી કોઈને ન નડે એમ મૂકી સ્નાન કરવા ગંગાજીમાં ડૂબકી લગાવી. જ્ઞાનેશઅવર પાછા આવે છે. અને ગુરુને કહે છે કે, કિનારા પર માત્ર એક જ માણસ છે.

ગુરુજી સ્નાન કરવા જાય છે. પણ ત્યાં તો હજારો માણસોની ભીડ છે. સ્નાન કરવું મુશ્કેલ છે અને સ્નાન કર્યા વિના પાછા આવે છે. જ્ઞાનેશ્વરને ઠપકો આપતા કહે છે, 'તને કંઈ ખબર પડતી નથી, ત્યાં હજારો માણસો છે અને મારે સ્નાન પણ કરી શકાય એમ નથી.'

ત્યારે જ્ઞાનેશ્વરે પેલા માણસે જેણે પથ્થર બાજુ પર મૂક્યાની વિગતે વાત કરી, અને કહ્યું, 'આવી વાત જોઈને મેં આપને કહ્યું હતું કે ગંગા કિનારે માત્ર એક જ માણસ છે, બાકી બધા જાનવરો છે.'

ગુરુ જવાબ સાંભળી જ્ઞાનેશ્વરને વંદન કર્યા.

સત્તાની સંતાકૂકડી રમતા રાષ્ટ્રીય નેતાઓ

તંત્રીસ્થાનેથી...

કોંગ્રેસને સૌથી વધુ બળ અને પ્રેરણા હરહંમેશ કેન્દ્રસ્થ નહેરુ-ગાંધી પરિવાર તરફથી જ મળતી રહી છે. સોનિયા ગાંધી ભારતીય મૂળનાં નહીં હોવા છતાં ઘણા લાંબા સમય સુધી કોંગ્રેસનાં પ્રેરણામૂર્તિ રહ્યાં એટલું જ નહીં, પણ સીધી રીતે સત્તા સ્થાને નહીં હોવા છતાં સતત દસ વરસ તેઓ 'સુપર પ્રાઈમ મિનિસ્ટર' બની રહ્યા. સોનિયા ગાંધી છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસનું સુકાન રાહુલ ગાંધીને સોંપી નિવૃત્ત થઈ જવાની તૈયારી કરી રહ્યાં હતા. રાહુલ ગાંધી શરુઆતમાં શરમાળ યુવક લાગતા હતા પણ ધીરે ધીરે એમણે પરિવારની રાજવટ સંભાળવાની સજ્જતા કેળવી લીધી છે તે ગુજરાતની ચૂંટણીમાં એમના ધમાકેદાર પ્રચારથી સ્પષ્ટ થઈ ગયું છે. હવે તેઓ ફુલ ફોર્મમાં છે અને ગુજરાતમાંથી ભાજપની સત્તા હટાવી નવી ઈનિંગ્સ ખેલવા માગે છે. અલબત્ત ગુજરાતમાં સત્તાથી વંચિત રહેલી કોંગ્રેસને પુનઃસત્તા સ્થાને બેસાડવાનું કામ એટલું સહેલું પણ નથી. ઘણો મોટો તફાવત સરભર કરવો પડે એમ છે. પરંતુ રાહુલ ગાંધી યા હોમ કરીને કૂદી પડ્યા છે અને કોંગ્રેસના સ્થાનિક આગેવાનો પણ એમના નેતૃત્વ હેઠળ એક મંચ પર આવી પૂરી તાકાત સાથે ભાજપનો સામનો કરી રહ્યા છે. જો કે વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસ છોડી દીધી છે એથી શાસક ભાજપને મનોવૈજ્ઞાનિક ફાયદો પણ થયો છે અને મોદીનો કરિશમા ખરેખર કરમાયો છે કે નહીં એનો ખરો અંદાજ તો છેલ્લા તબક્કામાં એમની ધુંવાંધાર પ્રચાર સભાઓમાં પ્રજા કેવો પ્રતિસાદ આપે છે તે જોયા પછી જ આવી શકશે. રાહુલ ગાંધીએ કોંગ્રેસમાં નવી ચેતનાનો સંચાર જરૂર કર્યો છે. તેઓ જયાં જાય છે ત્યાં પ્રજા એમને જોવા અને સાંભળવા ભારે મોટી સંખ્યામાં ઊમટે છે.

વળી તેઓ વકતૃત્વકળા પણ શીખી ગયા છે અને મોદીને મોદીની જ સ્ટાઈલમાં પ્રશ્નો કરે છે. અલબત્ત, નરેન્દ્ર મોદી જેવા પ્રખર વક્તા તેઓ કયારેક નહીં બની શકે, એનો તો તેઓ જાતે જ નિખાલસતાપૂર્વક સ્વીકાર કરે છે. રાહુલ રોડ શૉ અને સભાઓમાં વધુ ને વધુ સફળ થઈ રહ્યા છે - એથી સ્વાભાવિક રીતે જ ભાજપની ચિંતા વધી ગઈ છે. તેઓ સંસદના શિયાળુ સત્રને પાછું ઠેલવા પાછળના કેન્દ્રના ઈરાદાની રજૂઆત કરી દાળમાં કંઈ કાળું હોવાનો સંકેત આપે છે - રાફેલ એરક્રાફ્ટ સોદા પાછળ શું રંધાયું - એનો સવાલ કરે છે, પણ કોંગ્રેસ હજી એના ઉમેદવારો ફાઈનલ કરી શકતી નથી અને જયાં ઉમેદવારનું નામ નક્કી થાય છે ત્યાં વિરોધનો વંટોળ શરૂ થઈ જાય છે. આ પરિસ્થિતિ ટાળવા માટે જ એમણે અશોક ગહલોત ઉપરાંત બહારના નિરીક્ષકો મૂકેલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉમેદવારો નક્કી કરવાની જવાબદારી એમના વફાદાર સાથી અને પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહને સોંપી છે. વડાપ્રધાન એમનો ચૂંટણી પ્રચાર કચ્છમાં દેશદેવી આશાપુરાનાં દર્શન કરીને શરુ કરવાના છે. રાહુલ ગાંધીએ મોદીનું જ અનુકરણ કરીને 'સૉફ્ટ હિંદુત્વ' લાઈન પકડી છે. તેઓ જયાં જાય ત્યાં ધર્મસ્થાનકોની અને વિશિષ્ટ વ્યક્તિઓની મુલાકાત લે છે. ગાંધીનગરમાં તેઓ પાર્ટીના મહામંત્રી અને રાજયસભાના સભ્ય મધુસૂદન મિસ્ત્રીના સુપુત્રના અકાળ મૃત્યુ પ્રસંગે એમના ઘરે જઈ આવ્યા. પૂર્વ વિદેશમંત્રી માધવસિંહ સોલંકીની ખબર પૂછી આવ્યા. અદલ એ જ રીતે વડાપ્રધાન મોદી હવે કેશુબાપાની ખબર પૂછવા જશે ! સત્તાની સંતાકૂકડીમાં કોણ આગળ નીકળી જશે એ તો સમય જ કહેશે.

ટુકડા ધારાના ભંગના કારણે કલેકટરશ્રીને રીવીઝન અપીલમાં નોંધ રદ કરવાની સત્તા નથી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

જમીન મહેસુલ અધિનિયમના નિયમ ૧૦૮(૬) મુજબ સુઓમોટો ફેરતપાસ એટલે કે રીવીઝન કરવામાં આવે છે પરંતુ કલેકટરને આરટીએસ કાર્યવાહી નિયમ ૧૦૮(૬) મુજબની સત્તાનો ઉપયોગ કરતા સમયે કોઈ પક્ષકાર ખેડૂત નથી તેવા આધાર ઉપર તેવા પક્ષકારની તરફેણમાં પડેલ રેવન્યુ રેકર્ડની નોંધ રદ કરી શકે નહિ તેવો ચુકાદો નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ છે. કલેકટરશ્રીએ આરટીએસ કાર્યવાહીમાં નિયમ ૧૦૮(૬) મુજબની સત્તાના ઉપયોગ કરતી વખતે ટુકડા ધારાની જોગવાઈ એટલે કે પ્રિવેન્સી ઓફ ફેઝમન્ટેશન એકટની કલમ ૯ મુજબ શરત ભંગ હોવાના આધાર ઉપર પક્ષકારના તરફેણમાં એટલે કે વેચાણ લેનારની નોંધ રદ કરી શકતા નથી. કલેકટરશ્રી હોદ્દાની રૂએ અથવા અલગ અલગ કાયદા મુજબ અલગ અલગ હેસીયતમાં કાર્યવાહી કરી શકે છે એટલે કે ટુકડા ધારા ભંગની કલમ ૯ મુજબ તથા આરટીએસ અપીલમાં નોંધ રદ કરવાની અપીલમાં અલગ અલગ હુકમ આપી શકે છે એટલે કે ટુકડા ધારા અને આરટીએસ બન્ને કાયદાનો નિયમનો ઉપયોગ એક જ કેસમાં એક સાથે કલેકટરશ્રી કરી શકે નહિ. સાદી સરળ ભાષામાં જણાવીએ તો ગણોત ધારો અને જમીન મહેસુલ ધારાના નિયમો બન્ને એક જ કેસમાં એક સાથે લાગુ કરી હુકમ આપી શકાય નહિ જો ટુકડા ધારાનો ભંગ થયો હોય તો ગણોત કાયદા અન્વયે અલગ હુકમ આપવો જોઈએ.

આરટીએસની કાર્યવાહીમાં નિયમ ૧૦૮(૬) હેઠળની સત્તાનો ઉપયોગ કરતી વખતે ટુકડા અધિનિયમ હેઠળની સત્તાનો ઉપયોગ પણ કરી શકે નહિ એક અર્ધ ન્યાઈક સત્તાધિકારી હોવાથી કલેકટરે ચોક્કસ કાયદા હેઠળ જ તેઓએ ન્યાય કરવાનો હોય છે તેમાં નિર્દોષ મર્યાદામાં રહીને જ સત્તાનો ઉપયોગ કરવા બંધાયેલ છે અને તેઓ આવી વૈધાનિક સત્તાની મર્યાદા કોઈપણ રીતે ઓળંગી શકે નહિ કે જે અલગ કાયદાની ઉપર છવાઈ જતી હોય.

કેટલાક કિસ્સામાં તો ફેરફાર નોંધ દાખલ થયાના ઘણા ઘટકો બાદ કલેકટરશ્રી દ્વારા આવી નોંધો રીવીઝનમાં લેવામાં આવતી હોય છે અને રદબાતલ ઠરાવી ટુકડા ધારા ભંગનો અલગથી કેસ દાખલ કરી જમીન મુળ માલીકોને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે અને જો ૯૦ દિવસની અંદર આવી જમીન ખરીદનારે મુળ માલીકને પરત ના સોંપે તો વિના વળતર સરકારશ્રી કરવાનો હુકમ પણ કરવામાં આવે છે આ રીતે એક સાથે બે ઘોડા ઉપરની સવારી થઈ શકે નહિ કરતા જમીન મહેસુલ અધિનિયમ મુજબ હુકમ થાય અગર તો ગણોત ધારા મુજબ ફકત ટુકડા ધારા ભંગનો જ કેસ ઉપસ્થિત કરી રીવીઝનમાં લઈ શકાય કેટલીક વખત વેચાણ લેનાર બીન ખેડૂત હોવાના કારણોનો પણ આધાર લઈ રેવન્યુ નોંધ રદબાતલ ઠરાવી બીન ખેડૂતના વેચાણને અમાન્ય ગણી ગ.ધા. કલમ ૮૪(સી)નો પણ ઉપયોગ કરવામાં આવે છે જે પણ અન્યાઈ હોય એક જ હુકમ થઈ શકે.

કોઈપણ પક્ષકારોની તરફેણમાં તબદીલીથી ટુકડા ધારાનો ભંગ થયેલ હોવાના આધાર ઉપર તેવા પક્ષકારોની તરફેણમાં પડેલ મહેસુલી નોંધ રદ કરી શકતા નથી કારણ કે તેઓને આરટીએસ કાર્યવાહીમાં તેમ કરવાની હુકમત નથી. કલેકટરશ્રી ટુકડા ધારા ભંગના પ્રશ્ન અંગે જમીન મહેસુલ નિયમ ૧૦૮(૬) અન્વયની કાર્યવાહી કરી શકતા નથી. પ્રસ્થાપિત કાયદા મુજબ સત્તાધિકારીઓ અલગ અલગ કાયદા મુજબ પણ મુદ્દાનો નિર્ણય કરી શકે નહિ.

કલેકટરશ્રી તેમના દરજ્જાની અથવા હોદ્દાની રૂએ અથવા તેઓ અલગ અલગ કાયદા હેઠળ અલગ અલગ હેસીયતમાં કાર્ય કરી શકે છે તેવી હક્કિતના કારણસહ કલેકટરશ્રી આટીએસ કાર્યવાહીઓમાં નિયમ ૧૦૮(૬) હેઠળની સત્તાનો ઉપયોગ કરતી વખતે ટુકડા અધિનિયમ હેઠળની સત્તાનો ઉપયોગ કરી શકે નહિ. કલેકટરશ્રીએ એક ન્યાઈક અધિકારી હોય તેમને ચોક્કસ કાયદા મુજબ મળનાર સત્તા અંતર્ગત હુકમ કરવાનો હોય છે સત્તાની મર્યાદામાં રહીને સત્તાનો ઉપયોગ કરવા બંધાયેલ છે અને તેઓ આવી વૈધાનિક સત્તાની મર્યાદા કોઈપણ રીતે ઓળંગી શકે નહિ કે જે અલગ કાયદાની ઉપર છવાઈ જતી હોય તેથી પણ ગણોત અને લેન્ડ રેવન્યુ બન્ને કાયદા અંતર્ગત એક જ હુકમ કરેલ હોય સત્તા બહારનો હુકમ હોય નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પે.સી.એ. નં. ૧૪૩૮૮/૧૫ ના કામે તાજેતરમાં રદ કર્યો. જો કે ૨૦૧૬ થી રાજય સરકારશ્રીએ ટુકડા ધારો ગુજરાતમાં નાબુદ કરેલ છે. જેથી પ્રીવેન્સન એન્ડ ફ્રેગમન્ટેશન એકટની કલમ ૯ મુજબ ટુકડા ધારા ભંગના કેસો સમાપ્ત થયેલા છે.

માઈક્રો ફિકશન વાર્તા : ઓછામાં ઓછા શબ્દોમાં કે વાક્યોમાં વેધક રીતે વાતની રજૂઆત

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

શબ્દ કેળવ દેશ્ય કે શ્લોક થઈ જાતો નથી,
કૌંચવધ હું જોઈ આવ્યો, કોઈને કહેશો નહીં.

- ગૌરાંગ ઠાકર

સંધ્યાકાળનો સમય થયો,
ચાલતા ચાલતા ડાબી બાજુ આવતી મસ્જિદ તરફ સહેજ
ડોકુ નમાવીને તેણે મનમાં કહ્યું 'જય શ્રીકૃષ્ણ.'

આ છે માઈક્રો ફિકશન વાર્તા. આ એક એવો લેખનનો પ્રકાર છે કે જેમાં ઓછામાં ઓછા શબ્દોમાં કે વાક્યોમાં વધુમાં વધુ વેધક રીતે વાતની રજૂઆત કરવામાં આવે છે. આવી વાર્તા વાંચ્યા બાદ એ તમારા મન-મસ્તિષ્ક પર એક ઊંડી અસર છોડી જાય છે. વાત કહેવાનો આ અત્યંત રોચક અને વેધક પ્રકાર ગણી શકાય. ગિજુભાઈ બધેકાએ કંઈક આવી જ પણ આનાથી થોડી અલગ વાતો લખી છે. '3 Idiots' મૂવીમાં આમીર ખાન દરેક બાબત માટે demo આપવાની વાત કરે છે. કારણ કે આપણને કોઈ વાત જો ગળે ન ઉતરે તો તેને દૃષ્ટાંત સ્વરુપે સમજાવવામાં આવે તો તે તરત સમજાઈ જાય છે. કંઈક એવી જ વાત છે આ દૃષ્ટાંત વાર્તાઓમાં ગીજુભાઈ બધેકાની.

નાહકનું શું કામ ?

૧.

હું દેવદર્શન ગયેલો. બાએ છોકરીને કહ્યું : 'જે - જે કરો, બેટા, જે - જે કરો !' છોકરી તો દીવા જોતી હતી. છોકરીના હાથ પકડીને બાએ જે - જે કરાવ્યા. છોકરીએ નમીને જે - જે કર્યા. બા ખુશ થઈ.

મને થયું ?

૨.

રામચંદ્રને ત્યાં જઈ ચડ્યો. રામચંદ્રે દીકરાને બોલાવી ઓળખાણ કરાવીને કહ્યું : 'પેલું નવું ગાયન ગા જોઈએ !' છોકરાને ગાવું ન ગમ્યું. તે ઊભો રહ્યો. રામચંદ્ર કહે, 'કેમ, ગાને ? આ તો કાકા છે.'

મેં કહ્યું : જવા દ્યો ને, છોકરો છે.'

રામચંદ્ર ખિજાઈ ગયો. છોકરાને લગાવી દીધી. 'માનતો નથી ?' છોકરાએ ગાવાને બદલે રૂદન કર્યું.

મને થયું : આ નાહકનું શું કામ ?

બે રીતો

૧.

કેમ બા, રમીને આવી કે ? આજ શેની રમત રમ્યા ? લે, જરા કામમાં મદદ કરીશ કે ? આ એક એંઠવાડ પડ્યો છે તે તું કાઢ, ત્યાં હું શાક સમારું; ને પછી આ ધોયેલા કપડાં સંકેલી નાખ, એટલે આપણે બેય ફરવા જઈએ. આજ તને કાંઈ લેસન આપ્યું છે ? આજે વાળુ કરીને લેસન વહેલું કરી લેજે ; પછી આપણે સવાર માટે દાળ વીણી કાઢશું. પહેલું લેસન કરી લે પછી નિરાંત.

૨.

આ રખડીને આવી ! કામ નહીં, કાજ નહીં, ને દી આખો રખડ રખડ ! લ્યો, હવે એંઠવાડ કાઢો.' આ સવારની સંજવારી પડી છે, તે કોણ કાઢશે ? આ લૂગડાં તો બધાં રખડે છે ! જરાક ભેગા કરીને તો મેલ ! એક ભણતાં આવડ્યું ને એક પટપટ જવાબ દેતા આવડ્યું છે ! મારે ઈ ભણતર નથી જો'તુ. જઈશ મા કાલથી ભણવા; ને જાવું હોય તો પહેલું કામ ને પછી ભણતર !

●●●

૧.

'એ છોકરા ! આ વાળ તો સરખા રાખ ! કેવો લાગે છે.'

'સુશીલા ! અત્યારમાં આ કયાં આદર્યું ? મૂક કોરે ! બીજો ધંધો છે કે ?'

'જો ને ! ઘરમાં સૌનાં કપડાં રખડે છે. આ તે ઘર કે ધોબીની દુકાન છે ?'

'એ છોકરા! અત્યારે આ રખડવા ક્યાં લાગ્યો? - આ બપોર ટાણે તેં તો માથું પકવ્યું !'

'જો ને, માથું ઓળતાં આવડ્યું છે ?'

'જો ને, હાથ કાંઈ ધોયા છે! - આ ધૂળ તો ચોંટી છે.'

'જો ને, ખાતાં ખાતાં કાંઈ એઠું પડ્યું છે !'

'આ ચોપડીઓ તો ઊંધી ગોઠવી છે - જો ચોપડીઓ ગોઠવી !'

'જો ને, ચાંદલો કરતાં આવડ્યો છે ? કયાં જાતો ઊંચો કર્યો છો !'

'વાળ્યું ખરુ - પણ પગે તો ધૂળ ચોંટે છે !'

'ચોખા બધા દઝાડી દીધા ! ધ્યાન રાખે છે ?'

૨.

'બચુ, વાળ તો કોઈએ સરસ કાપ્યા છે ! હવે એ ઓળવાથી વધારે સરસ લાગશે.'

'ચાલ તો, આ કપડા ઉપાડી લઈએ. બધાં ધૂળે ભરાય છે; જરા મૂકી દઈએ.'

'અરે ભાઈ, આમ આવ. જો, સંગીત તો સાંજે કે સવારે શોભે ; અત્યારે બપોરે જરા વાંચીએ - લખીએ.'

'માથામાં તેલ સરસ નાખ્યું છે !'

'કાલે તો આના કરતાં વધારે પડ્યું હતું ; હવે ખાતાં આવડતું જાય છે!'

'વાહ ! આ ગોઠવણ તો સારી થઈ છે. આ ચોપડી જરા આમ મૂકું ?'

'હવે ચાંદલો તું હાથે કરતાં શીખી. હવે ઠીક થશે.'

'ઠીક વાળ્યું છે; બીજી વાર વાળશો એટલે બધી ધૂળ વહી જશે.'

'ઠીક થયું, ચોખા વહેલા ઉતાર્યા. નહીંતર સાવ દાઝી જાત ! કાલથી વધુ ધ્યાન રાખજે.'

Last Seen :

'એકાંતમાં પોતાના વિચારો પર અને
જાહેરમાં પોતાના શબ્દો પર કાબૂ રાખનાર વ્યક્તિ દુનિયા
બદલવાની ક્ષમતા ધરાવે છે.'

- nehalgadhavi101@gmail.com

સોરાયસિસ : એક જટિલ ચર્મરોગ

આરોગ્ય-દર્શન
ડો. શ્રીરામ વૈદ્ય

સોરાયસિસ એક જાતનો ચર્મરોગ છે છે. જે આયુર્વેદમાં એક કુષ્ઠ તથા મંડલકુષ્ઠ તરીકે ઓળખવામાં આવે છે. આ રોગ મુખ્યત્વે શીતકાલમાં વધુ થતો જોવા મળે છે. જયારે કયારેક ગ્રીષ્મ ઋતુમાં આની તીવ્રતા ઘટી પણ જાય છે.

આ સોરાયસિસ મુખ્યત્વે કોણી, હાથ, પગ, ઘડ, કમર, પીઠ પર અને કયારેક કયારેક માથા પર જોવા મળે છે. આ કુષ્ઠ દેખાવમાં મોટાભાગે ગોળાકાર હોય છે. જેની કિનારીઓ સ્પષ્ટ જોવા મળે છે. જે રક્ત વર્ણનો હોય છે તથા તેના ઉપર સફેદ ફોતરી જેવું આવરણ હોય છે. આ કુષ્ઠ મોટાભાગે ગોળ આકૃતિ જેવો હોવાથી આયુર્વેદમાં આ રોગ મંડળકુષ્ઠ તરીકે ઓળખાય છે. આવા ઘણા મંડલો ભેગા થઈને મોટા મંડલ બનાવે છે. તેવી રીતે શરીરમાં ઘણા ભાગો પર આ મંડળો છવાઈ જાય છે.

આ રોગનો પ્રારંભ મોટાભાગે માથાથી થાય છે. માથામાં ખોડા જેવી ફોતરી થઈને ખરે છે ત્યાર પછી શરીરમાં બીજા અંગો કે જે ઘડ, હાથ, પગ, પીઠ વગેરે પર આ રોગ ફેલાયેલો જોવા મળે છે. રોગીને સતત સફેદ ફોતરીઓ ઉખડતી જોવા મળે છે. સોરાયસિસ જવલ્લે જ ગુમાંગો પર જણાય છે.

આ રોગમાં ખંજવાળ, દાહ, બળતરા જેવું થતું નથી. પરંતુ કયારેક કયારેક કોઈ દર્દી (રુણ) ને ખંજવાળ આવે છે. બળતરા પણ બળે છે. તથા ચકામામાંથી પ્રવાહી પદાર્થ પણ બહાર નીકળે છે. આ રોગ ચેપી રોગ નથી.

આ રોગનું મૂળભૂત કારણ વિરુદ્ધ આહાર ગણાવેલો છે. ફુટસલાટ, દૂધ-ડુંગળી, દૂધ-ખટાશ, ખાટા ફળો સાથે મધ, મોડા ઉઠવાની આદત, દિવા સ્વપ્ન, દિવસની ઊંઘ, અતિશય શ્રમ, અતિશય ખારો રસ, ખટાશ, વધુ પડતું મીઠું વધુ પડતી કબજિયાત વગેરે કારણો પણ આ રોગની ઉત્પત્તિમાં કહેલ છે.

દર્દીને મીઠાનું પ્રમાણ ઓછું કરીને સદંતર, બંધ કરવું જોઈએ. અડદ, તલ, ગોળ, કેળાં, દહીં, છાશ, ખટાશ ન લેવા. મગ, ચોખા, ઘઉં, તુવેર, દુધી, પરવળ, રીંગણા, મેથી, બટાટા વગેરે લેવા.

રોગીએ હંમેશા પાણીમાં બે ચમચી પારદાદિચૂર્ણ નાંખીને ઉકાળેલા પાણીથી જ સ્નાન કરવું. આ પ્રયોગથી ખંજવાળની તકલીફ હોય તો તે દૂર થઈ જાય છે. અથવા લીમડાના પાનને પાણીમાં નાંખીને અને તેવા હુંફાળા પાણી ઉકાળવું પાણીથી સ્નાન કરવું.

આવા આસાધ્ય લાગતા ઘૃણાજનક લાગતા મેડલકુષ્ઠ સોરાયસિસ માટે દેવકુસુમાદિવટી જેનું સેવન દર્દીએ સતત ત્રણ મહિના સુધી કરાવતાં રહેવાથી આવા કેટલાક સોરાયસિસના દર્દીઓ સાજા થઈ જાય છે.

આ દેવકુસુમાદિવટી રસકર્પૂર, સાકર, લવિંગ, કર્પૂર, હરતાલ, મોરથુંથું, મંજીષ્ટાદીચૂર્ણ, આમલ સારો ગંધ, સેનાગેરુ, આવા દ્રવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આગોળીનું સેવન જયારે લેવાની હોય ત્યારે હંમેશા ઘીમાં બોળીને દાંતને અડકે નહીં તેનું ધ્યાન રાખીને કરવું જોઈએ. અથવા બને તો કુશળ વૈદ્યની દેખરેખ હેઠળ જ તેનો પ્રયોગ કરવો. જો આ રોગ આખા શરીર ઉપર ફેલાયેલો હોય અને ઝડપથી કાબુમાં આવતો ન હોય એટલે કે સતત વધતો જતો હોય તો આ દેવકુસુમાદિ અકસીર છે.

આ ઉપારંત તાલસિંદુરયુક્ત, મંજીષ્ટા ટેબલેટ, ગુરુવટી, સારીવા ટેબલેટ તથા મંજીષ્ટાદી ચૂર્ણ ૧ ગ્રામ, તાલસિંદુર ૧ ચોખાભાર, સોરાયસિસ ચૂર્ણ ૧ ગ્રામ, રસમાણેક્ય ૧ ચોખાભાર, સારિવાચૂર્ણ ૧ ગ્રામ મિક્ષ, કરી તેનું સેવન કરવાનું સૂચવું છું. આ ઉપરાંત લગાવવાના દ્રવ્યોમાં ચેડમારૂતમ મંડલ પર લગાવવાનું સૂચવું છું. તથા ચંતમારુતને માખણમાં મિક્ષ કરી તે પણ લગાવાનું કહું છું.

આ ઉપરાંત સોરાયસિસ લગાવવાનો પાઉડર જે ગંધક, હરતાલ, મનશીલ, રસકર્પૂરમાંથી બનાવવામાં આવે છે. જે લગાવવાથી ખૂબ જ ઝડપી અકસીર અને ઉત્તમ પરિણામ પ્રાપ્ત થયેલ છે જે આ પાઉડરને પણ માખણમાં મિશ્ર કરી લગાવવું જોઈએ. જેનાથી મંડલકુષ્ઠ નાશ પામે છે. તથા દર્દીની ચામડી પણ સામાન્ય માનવી જેવી જ સુંદર સરસ જોવા મળે છે. આ લગાવવાની દવાથી ખૂબ જ બળતરા કે ખંજવાળ આવે તો દવાનું પ્રમાણ ઓછું કરી માખણનું પ્રમાણ વધારી લગાવવું. ડૉકટરો સૂચનામાં કફ વધારે તેવો વૃદ્ધિકરણ આહાર ન લેવો. દર્દીએ સુતરાઉ કપડાં જ પહેરવા. નાઈલોન કે પોલિએસ્ટરનાં કપડાં ન પહેરવાં, નખ વડે મંડલને ખોતરવા નહીં.

આ ઉપરાંત શુદ્ધ સોમલ, શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, હરતાલ, મનઃશીલ અને રસકર્પૂર મેળવી કુકીપકવ વિધિથી બનાવેલો કૂપીનો ઉપયોગ કરું છું. જે એક ચોખાભાર જેટલી માત્રામાં સવારે મધ સાથે લેવાનું હોય છે. જે સોરાયસિસ દર્દીઓમાં ઝડપી સુધારો લાવે છે.

મનઃશીલને ત્વક રોગોમાં આયુર્વેદે ઉત્તમ ગણ્યું છે. તે તત્વદોષની અંદર બારીક કીટાણુનો નાશ કરે છે. રસકપૂર તે રક્તને શુદ્ધ કરે છે તથા રક્તાભિષણની પ્રક્રિયાને વેગવંતી બનાવે છે. હરતાલ ત્વક દોષ માટે પ્રસિદ્ધ છે. ગમે તેવા હઠીલા ત્વકદોષને દૂર કરે છે. તે વ્રણને રુઝાવે છે.

સોરાયસિસ થવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આ રોગ શરીરમાં કોણ પણ ભાગ જેવા કે ચામડી, નખ, હાથ, પગ, ઘડ, પીઠ, કોણીમાં થઈ શકે છે. વધુ ઘર્ષણમાં આવતી ત્વચામાં તે થઈ શકે છે. કફવર્ધક આહાર, માનસિક ચિંતા, વિરુદ્ધ આહાર, આમદોષ જેવા કારણોથી તે વૃદ્ધિ પામે છે. ઠંડી ઋતુમાં આ રોગ તેનું ઉગ્ર સ્વરુપ ધારણ કરે છે. શુદ્ધ સોમલ, શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, હરતાલ, મનશીલ, રસકર્પૂરમાંથી કુપીપકવ વિધિથી તૈયાર થતી એસકુપી (અનુભૂત) અને દેવકુસુમાદિવટી આયુર્વેદમાં સોરાયસિસ માટેની ઉત્તમ દવા છે.

સોરાયસિસથી પીડિત દર્દીઓ આ રોગથી એટલા પરેશાન થઈ ગયા હોય છે કે તેઓમાં ધીરજ રહેતી નથી. સોરાયસિસ એ એક ક્રોનિક રોગ છે. ઉપરાંત દવા ધીરજથી કરવામાં આવે તો ચોક્કસ પરિણામ આપે છે. તેમાં બે મત નથી.